નાટકના પાત્રો.

રજા અસદ (આરીફ) ... ... એક પાકટ ઉમરનો ગ્રહુસ્થ.

મ ... ... જગતની સકતીઓમાંથી એક.

નારજા સુરૈયા ... ... અખતરનો બાપ અસદનો ભાઈ.

મીરઝા અખતર ... ... સુરૈયાનો દીકરો, અસદનો ભતરીજો

આઝર ... ... અસદનો બંધેવી.

ફૈલસુફ ... ... અસદનો બંધેવી.

મીસટર સીરાજ ... ... એક લેકચરાર.

અંજુમ ... ... અખતરનો દીકરો.

દૌલત ... ... જગતની શકતીઓમાંથી એક.

સઇયારા ... .. અખતરની બહેરી.

ન ... ... તવાયફ.

જમા ... ... આઝરની દીકરી.

ઝીદા ... ... ફૈલસુફની દીકરી.

બનામે ખુદા.

મતલબી દુનીયા.

નાટકનો ટુંક સાર.

તમામ જગતમાં મનુષ્ય પ્રાણી માત્ર પોતાના મતલબને ખાતર અનેક પ્રકારના કાર્યો કરી રહયો છે. જે જે રીતે માણસને સુખ હાસીલ થવાનો સંભવ હોયછે તે તે બાબત મનુષ્ય અમલમાં આણવાને કદી પણ ચુકતો નથી. રાજકીય, ધારમીક, સામાજીક, રાષ્ટ્રીય, કોઇપણ બાબત લ્યો. તેમાં માનવી સ્વાર્થ (મતલબ) શીવાય બીજું શું છે ?

પણ સ્વાર્થ બે રીતનો હોય છે. એક ભલો અને બીજો બુરો. ભલી નીયતથી જેઓ સ્વાર્થ સાંધે છે તેઓનો અંજામ રૂડોજ આવેછે, જ્યારે બુરી દીયાનતથી જેઓ સ્વાર્થમાં લપટાયછે, તેઓ આખરે જગતની સપાટીપર હાડમાર થાય છે. જેમકે:—એક માણસ દાન ધર્મ કરે છે. શા માટે ? પોતાના મતલબને ખાતર—અને તે મતલબ ? એજ:—કે જગતના લોકો તેને પુણ્યવાન ધર્માત્મા સમજી તેની ઈજ્જત કરે અને આ ફાની જહાન છોડીયા પછી તે જન્નતનો હકદાર થાય; એમાં ભલી નીયત સમાએલી હોય છે. તેમજ:—એક માણસ પોતાના સ્વાર્થ માટે બીજા સાથે પ્રપંચ કરી તેનું સત્યાનાશ વાળી પોતાનું હીત સાંધે છે, પણ જગતના લોકો તેને દગલબાજની ઉપમા આપી ધીક્કારે છે, કારણ કે તેમાં બુરી દીયાનત સમાએલી હોય છે.

આટલું જાણવા છતાં પણ ભલી નીયતથી પોતાનો સ્વાર્થ

પાર પાડવાનો રસ્તો ભાગ્યેજ કોઇ અખતીયાર કરે છે, જ્યારે ઘણા ખરા માણસો બુરી દીયાનતથીજ પોતાનો સ્વાર્થ સાંધી ઇશ્વરના ગુનેહગાર થાયછે.

અમારા આ નાટકમાં તવંગર માબાપ પેટે અવતરેલો અખતર નામનો છકેલ જવાન, બુરી સોહબતમાં છકી જઇ, બાપની દએોલત પચાવવા ખાતર, બુરી દીયાનતથી સ્વાર્થનો ઉપયોગ કરી, ગુનાહ કરવામાં કેટલે હદ સુધી આગળ વધે છે; તે દેખાડવાની કોશેશ કરી છે. આશા છે જે શોકીન પ્રજા તેનો પુરતો લાભ લઇ, તેમાંની સારી વસ્તુઓ ગ્રહણ કરશે, તો અમે અમારી મેહેનતનો બદલો વળ્યો સમજીશું.

અંક પેહેલો.

પ્રવેશ પેહેલ્લો—આગરા, જમના નદીનો કીનારોઃ—

દુનીયાની ચઢતી પડતી જોઇ ચુકેલો, સગા સ્નેહીઓ કેવા મતલબી હોયછે ? તેનો અનુભવ લઇ ચુકેલો, મીરજા અસદ નામનો એક અઢોર ગ્રહસ્થ, ઓસટરેલીયામાં વેપાર વણજ કરી, બે પઇસા મેળવી, પોતાના વતન આગરામાં પાછો ફરી શહરથી દુર એકાન્ત જંગલમાં પોતાની જીન્દગી ગાળવાના વીચારથી આવી રહયો હુતો.

જો કે શહરમાં તેનો વડો ભાઇ મીરજા સુરઇયા અને તેનો જવાન બેટો મીરજા અખતર, તેમજ તેના બે બંધેવીઓ આજર અને ફએલસુફ તથા તેમની દીકરીઓ નજમા અને સઇદા, એ બધાઓને તે અવાર નવાર એક ગરીબ મીત્ર તરીકે આરીફના ખોટટાં નામ હેઠલ મળવા જતો હુતો. ખોટટાં નામ હેઠળ મળવાનુ કારણ એ હતું, કે તેના સગાઓએ જાણ્યું હતું કે મીરજા અસદ તો ઓસટરેલીયામાં ગુજર પામ્યા છે, અને તે સાથે ખરા નામે

જાહીર નહી થવાનો સબબ એ કે તેના બુરા વખતમાં તે મતલબીયા સગાઓનો તેને ઘણોજ કડવો અનુભવ મળી ચુકયો હતો, અને તેથીજ અઠવાડીયામાં એક બે વખત તે તેઓની ખબર અંતર પુછી પોતાના મકાનમાં પાછો ફરી સાદી જીન્દગી ગુજારતો હતો.

એક સમય તે જંગલમાં ફરતો હતો તેટલામાં સામેથી કોઇ બે આકારોને આવતાં જોઇ તે એક બાજુ ભરાઇને ઉભો રહયો. તે આકારો કે જેમાં એક મરદ અને બીજી સ્ત્રી હતી.

તેઓ કોણ હતાં ?

પોતાની અખુટ શકતીથી જગતના તમામ લોકોને મદદ આપી જ્ઞાન અને ધનનો ભંડાર વધારવામાં કોશેશ કરનારી બે શકતીઓ (POWERS) **દઓલત** અને **ઇલમ** હતાં. તેઓ આપસમાં તકરાર કરતા ત્યાં દાખલ થયાં.

દઓલત (સ્ત્રી)—જગતમાં હું તારાથી શ્રેષ્ઠ છેઉં.

ઇલમ (મર્દ)—નહી તારાથી હું શ્રેષ્ઠ છેઉં.

આ પ્રમાણે આપસમાં તકરાર કરતાં, એક બીજાથી હારી ન ખાતાં, છેવટે ત્રીજા માણસ પાસે તકરારી સવાલનો ફડચો કરાવવાના ઇરાદાથી તેઓ આગળ વધ્યા, તો સામેજઃ—

મીયાં અસદ ઉભેલા જણાયા.

તેઓએ તેને સવાલ કરયોઃ—અય ભાઇ દુનીયાના લોકો પર વધારે સત્તા કોણની ? દઓલતની કે ઇલમની ?

જવાબ મળ્યોઃ—બન્નેની નહી.

ત્યારે કોણની ?

" મતલબની. "

તેઓ ચોંકયા ! અજબ થયા ! ! વીચારમાં પડયાં ! ! ! અને તેઓએ સવાલ કરયો, કે દઓલત અને ઇલમ કરતાં મતલબની સત્તા શ્રેષ્ઠ કેવી રીતે ?

ઠરેલ આરીફે તરતજ ખુલાસા સાથે જણાવીયુ કે ઇનસાન પોતેજ મતલબનો બન્દો છે. મનુષ્ય માત્ર પોતાના હરએક કાર્યમાં મતલબ શીવાય બીજાું કશું જોઇ શકતો નથી; એટલુંજ નહી પણઃ—

" સીવા મતલબકે ઇનસાં લફ્જભી મુંહસે નહી કહેતા;"
" નહી મતલબસે ખાલી હર કીસીકા રોના ઔર હંસના."
" બીલા મતલબકે ઇનસાંકો નહી આતા કભી ગુસ્સા, "
" સીવા મતલબકે ઇનસાંકા કદમભી તો નહી ઉઠતા ? "
" કીસીકે તારપર મીટ્ટીકે પુતલે ખુબ ચલતે હંય; "
" અદ વોહ સાંચા હય જીસમે ચલતે પુરજે રોજ ઢલતે હે "

તેનો આ ખુલાસો સાંભળીને દઓલત અને ઇલમની ઇનતેઝારી વધી પડી; તેઓએ દુનીયામાં ફરવા ચાહયું અને અસદને દરખાસ્ત કરી, કે અમે જોવા માંગીએ છીએ કે દઓલત અને ઇલમ કરતાં પણ માણસ જાતપર મતલબ કેવી રીતે સત્તા ભોગવે છે ?

અસદે તેઓની દરખાસ્ત કબુલ રાખી. અને તેઓને સાથે લઇ પ્રથમ તે પોતાના ભાઇ મીરજા સુરઇયાના ઘર તરફ ચાલ્યો.

પણ જવા આગમચ તેઓ પાસેથી જાણી લીધું કે તેઓ કોણ હતાં ?

જગતની અનેક શકતીઓમાંની ફકત બેજઃ—

" **દઓલત અને ઇલમ.** "

પ્રવેશ બીજો.—તુરન તવાયફનુ મકાનઃ—

રાતરે નવનો અમલ હતો કે જ્યારે રંગીલા આગરા શહરમાં તવાયફોના ગીચ લત્તામાં અઈયાશ જુવાનોના ટોળાઓ નાયકણીઓના મકાનમાં બેસી રંગરાગ અને ગાનતાનમાં ગુલતાન થઇ રહયા હતાં, એવા એક મકાનમાં મીરજા સુરઇયાનો જવાન બેટો અખતર પોતાના બીજા બદમાશ દોસ્તદારો સાથે મુજરો સાંભળવા આવે છે. પણ જેમ તવાયફોના ઘરોમાં ઘણી વખતે બનેછે તેમ તે તેઓના છળ કપટનો ભોગ થઇ, રૂપીયા અને નોટોથી ભરેલા ગજવા ખાલી કરાવી અને વળી ઉપરથી બેઇજ્જત બની ત્યાંથી નીકળે છે.

પ્રવેશ ત્રીજો—અખતરનો ડરોઇંગ રૂમઃ—

તવાયફને ત્યાંથી બેઇજ્જત અને હાડમાર થએલો અખતર, પસ્તાવામાં અને વીચારના વમળમાં અકરાતો ઘેર આવી પોતાની સ્થીતીપર વીચાર કરે છેઃ—આવક ટુંકી, ખરચ મોટા, કેમ નીભી શકાય ? હાડમાર થતાં પાલવે નહી. મોજ શોખના સાધનો દમામથી ચાલુ રાખવા માટે કોઇ પણ ભોગે બાપની દોલતપર તરાપ મારવી જોઇયે. પણ તેને માટે પેહેલ્લાં બાપની નડતર દુર કરવી જોઇશે. તેનુ કેમ ?

" અહીયાંથીજ અખતર સ્વાર્થમાં આંધળો બની, પોતાની નેમ પાર પાડવા માટે બુરી દીયાનતનો ઉપયોગ કરવા, અને તેમ કરી અપરાધોનુ એક મોટું લંબાણ લીસ્ટ પોતાના નામપર રજીસ્ટર કરાવવા તઇયાર થાય છે."

ઝટ નોકર પાસે ખડીયો કલમ કાગજ મંગાવી કાવતરાંખોરોની ટોળીમાંના તેના એક અસલી મદદગાર હબીબને પોતાની મદદે બોલાવવા કાગજ લખવા મંડી જાય છે. કાગજ પુરૂં કરી રેહેતા જેવો તે નોકરને હાંક મારવા જાય છે તો સામેજ સઇયારા ઉભેલી જણાય છે.

એ સહચારી કોણ ?

એક મધ્યમ વરગના આબરૂદાર માબાપની દીકરી. જ્યારે તેણી કોલેજમાં અભ્યાસ કરવા જતી હતી, ત્યારે અખતરે તેણીને પરણવાનુ વચન આપી તેણીની જીન્દગી બરબાદ કરી હતી, અને જ્યારે તેણી એક બાલકની માતા થઇ, ત્યારે અખતર વચનથી બેવફા થયો, અને તે બાપડી અખતરની દગલબાજીનો શીકાર બની દુનીયામાં નીરાધાર થઇ પડી હતી. માબાપના ગુજરવા બાદ તે ઘણાજ દુખમાં દીવસો ગાળતી હતી અને આજે તે ફરી એક-વાર પોતાના વહાલાં બચ્ચા માટે અખતરની મદદ મેળવવા આવી હતી.

પણ અફસોસ ?

દગલબાજ અખતરે તેણીને નોકરના હાતે ધકકા મરાવી હાંકી કહાવી. તે બાપડી ચોધાર આંસુએ વીલાપ કરતી તુટેલા જીગરથી જ્યારે ઘર તરફ રવાના થઇ, ત્યારે બીજી તરફ અખતર પોતાના કાળા કર્મોની જાલ કેમ ગુંથવી તેનો વીચાર કરતો ઘરમાંથી બહાર પડયો.

પ્રવેશ ચોથો.—મીરજા સુરઇયાનો આલીશાન મેહેલ:—

જે રાતરે અખતર પોતાના બાપને જગતમાંથી નાબુદ કરવા માટે ભયંકર કાવતરાં રચતો હતો તેજ રાતરે મીરજા સુરઇયાએ પોતાની સાલગરેહની ખુશાલીમાં પોતાના સગાવાહલાં-ઓને એક મોટી મેજબાની આપી હતી અને તેજ મીજબાનીમાં મીયાં આરીફ (નદી કીનારે રેહનારો મીરજા અસદ) જેવો દઓલત અને ઇલમને સાથે લઇ દાખલ થયો કે તરતજ કુદરતી રીતે બધાઓએ પુછ્યું કે:—

મીયાં આરીફ, એઓ કોણ છે ?

દઔલત અને ઇલમની ખાહીશ કોઇપણ રીતે બર લાવી તેઓને મતલબી દુનીયાનો અનુભવ કરાવવાના હેતુથી આરીફે જુઠ્ઠું અડાવી દીધું:-

મીરજા અસદ, કે જેઓ ઓસીટરેલીયામાં ગુજર્યા તેઓના આ ફરજન્દો છે, અને વતનમાં પોતાના સગાઓને ભેટવાના ઇરાદાથી આવેલાં છે.

આ ખુશખબર જાણીને સઉ કોઇ ખુશી થયું. અને દઔલત તથા ઇલમ પણ સગા તરીકે તેઓમાં ભેળાયાં. મેજબાનીનો રંગ રાગ ચાલુ થયો, અને જમવાને વખત થતાં સઉ કોઇ જમવાના ઓરડામાં ગયા.

પણ આ જલસામાં આજર અને ફઝલસુફને મીરજા સુરઇયાની હદબહાર ખુશામદ કરતાં જોઈ દઔલત અને ઇલમ અજબ થયા, કારણ કે તેઓએ આજેજ પેહલ વેહેલું જાણ્યું કે દુનીયામાં ઇનસાન પોતાની મતલબને ખાતર કેવી ખુશામદ કરે છે?

જેવા તેઓ જમવાના ઓરડામાં જવા ચાહતા હતા કે સામેથી એક લોફર બદમાશને આવતાં જોઇ, આરીફના કેહવાથી પરદા પછવાડે સંતાઇને ઉભા રહયા.

હબીબ બદમાશ દાખલ થયો અને તરતજ અખતર તેને આવીને મળીયો.

અખતરે કેહવા માંડીયું:- હું પઇસાની બાબદમાં બહુજ સંકડામણમાં આવી ગયો છેઉં અને બાપની દોલત પચાવવા માટે બાપને દુનીયામાંથી ઉખેડવા માંગુછુ.

હબીબે પુછ્યું કેવી રીતે?

અખતર—આજ રાતનો જલસો પુરો થવા પછી તું તારા સાથીદારો સાથે આ મકાનમાં દાખલ થઈ મારા બાપને કલોરો-

ક્લોર્મથી બેહોશ કરી ઉંચકી જા અને કોઇ એકાન્ત જગ્યામાં મારી નાખી તેની લાશ જમના નદીમાં ફેંકી દે.

હબીબ—પણ તારા બાપના ગુમ થવાની તારા સગાવાહલાંઓને ખબર પડે ત્યારે તુ શું કરશે ?

અખતર—મેં તેનો પણ ઉપાય સોચી રાખ્યો છે,

હબીબ—તે શું ?

અખતર—તારા સાથીદારો જયારે મારા બાપને ઉંચકીને લઇ જાય ત્યારે તુ મારા બાપનો ગેટઅપ (લીબાસ) કરી તેનાજ કપડા પેહેરી તેના બીછાનાપર બીમાર થઇને સુઇ રહે; રાતનો વખત હશે, કોઇ તને ઓળખશે પણ નહી અને હું મારા સગાઓને બાપના એકાએક બીમાર થવાની ખબર કરી લઇ આવીશ; પણ તેની આગમચ તારે એક કામ કરવું પડશે.

હબીબ—તે શું ?

અખતર—હમણા જયારે તુ અહીયાંથી જાય ત્યારે તુ તારા એક સાથીદારને ડાકટર બનાવી તઇયાર રાખ, અને લે આ કાગળઃ—

એમ કહી ગજવામાંથી એક કાગજ કાઢી આપ્યું.

હબીબ—આ કાગલ શાનુ ?

અખતર—મારા બાપની સહીનુ ખોટડું વીલ—જે મે પાનસો રૂપીયા આપીને એક માણુસ પાસે તઇયાર કરાવીયું છે. એ તારી પાસે રાખ.

હબીબ—એને હું શું કરૂં ?

અખતર—જયારે તારો (નકલી) ડાકટર સાથીદાર મારા બાપની (તારી) બચવાની આશા નથી એમ જાહીર કરશે ત્યારે

હું મારા સગાઓ દેખતા મારા સાલીસીટરને લઇ આવીશ તેને તું આ વીલ આપી પછી ખોટટો ઢોંગ કરી પ્રાણ મુકીદે.

હબીબ—અને પછી ?

અખતર—મારા સગાઓ માહરા બાપના મરણપર માહેતમ કરશે તેનો લાભ લઈ હું તારા બીજા ચાર સાથીદારોને લાશને સ્નાન કરાવવા વાલા (ગસ્સાલ) બનાવીને લઇ આવીશ તે તારૂં પ્રેત ઉંચકી બીજા ઓરડામાં લઇ જઇ તને બારીને રસ્તે બાહર ઉતારી દેશે.

હબીબ—પણ પછી બાપની લાશ કયાંથી મેલવશે ?

અખતર—મે એક પથ્થરના પુતલાં બનાવનારા કારીગર પાસે મારા બાપના ફોટોપરથી એક આબેહુબ પથ્થરનુ પુતલુ તઈયાર કરાવીયું છે; જયારે તને બારીને રસ્તે તારા સાથીદારો બાહાર ઉતારસે ત્યારે તેઓ તે પુતલાને નહવડાવી તેને કફન પેહેરાવી જનાજામાં મુકી કબ્રસ્તાનમાં લઇ લઇ જઇ દાંટી દેશે. એ મુજબ બાપ પણ જગતમાંથી નાબુદ થસે અને તેના મરણનો વેહેમ પણ કોઇને જશે નહીં.

અને આ કામ પાર પાડવાના બદલામાં તેઓ આપસમાં રૂપીયાની આપલેનુ સાટું નકકી કરી છુટટાં પડયા.

દઓલત—ઓ ખુદા કેવો ભંયકર ગુનાહ !

આરીફ—શા માટે ? પોતાની મતલબ પાર પાડવા ખાતર. બાપની દઓલત પચાવવા ખાતર.

હબીબ અને અખતરની આ કરપીણ બાજી સાંભળીને તેઓ દંગ થયા! હરણફાર થઈ કમકમીયા અને થતું કાળું

કર્મ અટકાવવા ખાતર તેઓ સુરઇયાને ખબર કરવા દોડી જતાં હતાં પણ આરીફે કહયું:-

ખબરદાર—હું તમને મતલબી દુનીયાનો અનુભવ કરી આપવા સાથે લાવીયો છું. વચમાં દખલ દેશો નહી અને હવે છેલ્લે સુધી જુઓ કે નીચ અખતર એક ગુનાહમાં ફતેહ પામી બીજા કેટલા અપરાધો કરવા તઇયાર થાય છે ?

* * * * *

જલસો અને મીજબાની ખતમ થવા બાદ તે કરપીણ ગુનેહગારોએ અખતરનું કામ પુરૂં કરી આપ્યું, અને જયારે એક તરફ સુરઇયાને સહી સલામત ઉંચકી તેઓ મારી નાંખવા લઇ ચાલ્યા ત્યારે બીજી તરફ પોતાના ભાઇને બચાવવા ખાતર મીરજા અસદે દઓલત અને ઇલમને પોતાની તાકતનો ઉપયોગ કરવા જણાવી તેઓની પુંઠે મોકલીયા.

પ્રવેશ પાંચમો.—સીરાજનું મકાન:-

દારૂની બદીમાં ગર્ક ગએલો કાબીલ લેકચરાર મીસટર સીરાજ પોતાના ગોઠીયાઓ સાથે દારૂ પીતો અને વળી લોકોને દારૂથી પરહેજ રહેવાનુ લેકચર આપતો જણાય છે.

પ્રવેશ છઠો.—જમના નદીને કાંઠે પહાડોમાં ભોંયરૂં:-

બદમાશ હબીબ સુરઇયાને મારી નાખવા લઇ આવે છે તેની પુંઠે દઓલત અને ઇલમ ત્યાં આવી સુરઇયાને તેના પંજામાંથી બચાવી હબીબને ભોંયરામાં ડાંટી દે છે.

અંક બીજો.

પ્રવેશ પેહેલો.—અખતરનુ મકાન:-

આજે હયાત સુરઇયાને અખતરને હીસાબે મરી ગયાને

ચાલીસ દીવસ થયાછે, અને આજે ચાલીસમાંપર સુરઇયાનુ વીલ વંચાય છે; જેમાં ચાલબાજ અખતરે બનાવટી વીલમાં સગાઓને રખડાવી પોતાને નામે બધી દોલત કરી લીધેલી વંચાયછે.

પ્રવેશ બીજો.—નવ્વાબ શઓકતનો જલસો:—

નવ્વાબ શઓકતના જલસામાં બીજા તવંગર દોસ્તદારો સાથે અખતર પણ હાજર થાયછે, ત્યાં જલસાના એન રંગ રાગમાં અસદ સાથે દોલત અને ઇલમ હયાત સુરઇયાને લાવી છોડી દેછે.

સુરઇયા પોતે જીવતો હોવાનો દાવો કરેછે.

પણ પ્રપંચી અખતર તેને સફાઇથી ઉડાવેછે, અને રખડતો કરી મુકેછે.

પ્રવેશ ત્રીજો.—નવ્વાબ શઓકતના જલસામાં જોગોલ દેખાવપર દોલત અને ઇલમનો વીલાપ:—

પ્રવેશ ચોથો—લેકચર હોલ.

મીસટર સીરાજ એકતરફ ઇનસાનની ફાની હસ્તીપર લેકચર આપેછે, લેકચર પુરૂં કરી તરતજ બીજી તરફ પારકી બહરી સઇયારાને પોતાની હવસનો શીકાર બનાવવાની કોશેશ કરતો જણાય છે.

અહીયાં યાદ રાખવું જોઇએ કે આ તેજ બહરી છે કે, જે અખતરની દગલબાજીનો ભોગ થઇ પડી હતી. તે સીરાજને એક સાચ્ચો અને નેક રાહબર માની હમેશા લેકચર સાંભળવા આવતી હતી.

પ્રવેશ પાંચમો—જમનાનો કીનારો.

મરી ગએલો પણ બાપડો હયાત સુરઇયા પોતાની કઢંગી હાલતપર રૂદન અને વીલાપ કરતો નદી કાંઠે આવી લાગે છે.

અકસ્માત સંજોગે સઈયારા અને તેના બાળક અંજુમ સાથે મેલાપ થાય છે:—

બન્નેનો અરસપરસ ખુલાસો. તે દરમીયાન હબોલત અને ઇલમ સાથે અસદ ત્યાં આવી પોતાના ભાઇને મળે છે.

અંક ત્રીજો.

પ્રવેશ પેહેલ્લો—થીએટર, સઇયારાનો ડરેસ રૂમ.

સઇયારા અને તેના બાલકને નીરાધાર હાલતમાંથી બચાવવા. તેમજ પોતે ખરા નામે જાહીર થતાં સુધી પોતાના ભાઇનો નીર્વાહ ચલાવવા ખાતર, મીરજા અસદે પોતાના એક દોસ્તના લાગવગથી સઇયારાને નાટક કંપનીમાં એકટરેસ તરીકે નોકર રખાવી છે.

એકટરેસ તરીકે નોકર રખાવવાનો તેનો બીજો હેતુ એ હતો કે કોઇપણ દીવસે અખતર નાટક જોવા આવે અને સઇયારાને અજાણતા એકટરેસ સમજી તેણીના પ્યારમાં પડે અને સઇયારા તેને પોતાની જાલમા લઇ ધારમીક ક્રીયા મુજબ લગન કરી પોતાના બચ્ચાને ખરી ઓલાદ તરીકે લોકોમાં જાહીર કરે.

અસદની ધારણ પ્રમાણે ખરેખર પોતાના દોસ્તદારો સાથે અખતર નાટક જોવા આવીયો હતો, અને આજે (Prisoner Dancer Princess) " નાચનારી શાહજાદી કેદી તરીકે " ના નાટકમાં સઇયારાનો નાચનારી શાહજાદીનો પાર્ટ હતો સ્ટેજપર ડાન્સ કરતી સઈયારાને તેને ઓળખી અને તેને મળવા આતુર થયો, નહી કે પ્યારમા પડીને, પણ સઇયારા એકટરેસ થઇ અને તેણીએ આબરૂને દાગ લગાડીયો તેથી—અંતે મુલાકાત થઇ અને પાકટ અસદે સઇયારાને આગમચથીજ અખતરના ભયંકર ગુનાહની સાબીતી પુરી પાડી હતી તે સાબીતીની મદદથી સઇયારાએ અખતરને આજેજ કરયો, તેને લગન કરવાની ફરજ પાડી અને આખરે સઇયારા પોતાના મકસદમાં પાર પડી.

પ્રવેશ ત્રીજો:—

તુરન તવાયફના મકાનમાં મીસટર સીરાજની ચીલ ઝડપ અને હાત ચાલાકીનો પ્રયોગ.

પ્રવેશ ચોથો:—

મીરજા અસદનો નવો ખરીદેલો આલીશાન મેહેલ:-હવે મીરજા અસદને પોતાતા ખરા નામ સાથે જાહેર થયા વગર છુટકો નહી હતો, કેમકે અખતરનો પ્રપંચ ઉઘાડો પાડી પોતાના ભાઇને હાડમારીથી બચાવવો અને એટલા અરસામાં દોલત તથા ઇલમ મતલબી દુનીયાના કાવાદાવાથી વાકીફ થયા હતા.

તેને એક જલસો મુકરર કરી તેમાં પોતાના સગાઓને આમંત્રણ દીધું. જેમાં બધા સામીલ થયા અને પોતે બારીફ નહીં પણ આસટ્રેલીયાથી પાછો ફરેલો મીરજા અસદ તરીકે જાહીર થઇ સઉ કોઇને પોતાની કરણી મુજબ ધીકકાર ફીટકારનો સરોપાવ આપી, છેવટે અખતરનુ કપટ ખુલ્લુ કરી મીરજા મુરાદાને જીવતો જાહેર કરી દઔલત તથા ઇલમને સવાલ કરેછે:-

અસદ-કહો, દુનીયામે કીસકી હુકમત બઢકર હુએ ? દઔલતકી યા ઇલમકી ?

બન્ને—દોનોકી નહી.

અસદ-તો ફીર કીસકી ?

દઔલત—મતલબકી.

અસદ-ઇસકા સુબુત ?

દઔલત-એહ મુજરસીમ દગા, કયા યેહ જાનતા નથા, કે મેરા વાલીદ જઇફીકી હાલતમે કહાંતક જીન્દા રહેતા ! થોડી મુદ્દતમે ઉસકે મરનેકે બાદ એહ ઉસકી દઔલત અપને કબજેમે પાતા; મગર લાઅનત હો ઉન અઇયાશ દોસ્તોંપર કે જીનહોને ઇસકે અકલો હોશપર સીયાહકારીકે પરદે ડાલકર ઇસે મતલબકા અંધા બનાદીયા.

અફસોસ ઈસ દુનીયામે ઇનસાન અપને મતલબકે ખાતીર કભી દુસરોંકો પામાલ કર દેતા હય તો કભી ખુશામદાના પેહલુ

બદલકર સર ઝુકાતા હુય કભી હંસીમુખ બનકર શીરીં કલામીસે કામ લેતા હુય તો કભી તોતા ચશ્મ બનકર બે મુરવ્વતીસે પેશ આતા હુએ.

" ગરજકે વાસતે હરદમ નઈ સુરત બનાતા હુએ "
" બદલકર રંગ ગીરગટકી તરેહ અપને દીખાતા હુએ "
" નહીં ઇનસાનીયત જરરાભી ઇસ મીટ્ટીકે પુતલેમે "
" એહ હુએ મતલબકા તંબુરા જીસે શયતાં બજાતા હુએ "

ઇલમ—(ઉશકેરાય છે) ઔર અયસે મતલબ પરસ્ત ગુનાહુગાર ઇનસાનોંકે લીયે હમ અપની જાને લડાએં ? ઉનેહ ફાયદા પહોંચાનેકે લીએ હમ અપની તાકત સરફ કર દેં ? નહી નહી, એ ખુદા હમે ઇસ બદકાર દુનીયાસે ઉઠાલે હમ તેરી ખલકતકી ખીદમત નહી કર સકતે.

અસદ—અભી તુમ કહાં જા સકતે હો ? દુનીયવી તાકતે અભી ફના નહી હોસકતી તુમ ઉસવકત જાવગે કે જબ જમીન ઔર સમનદરમે જંગ હોગી, દુનીયામે જલજલે આને લગેંગે, આસમાન પાશ પાશ હો જાયગા, ચાન્દ ઔર સુરજ ટકરા જાએંગે, જન્નત ઔર દોજખકે દરવાજે ખુલેંગે, ફરીશ્તોંકે હાતમે દફતરે આમાલ હોગા, મુન્સીફે મહેશર તખ્તપર જલવા ફરમા હોગા, ઉસ વકત જીતની દુનીયવી તાકતે હંય વોહ સબ અપના અપના ફરજે મનસબી પુરા કરકે ફના હો જાએંગી.

જમીંસે રૂહેં ઉઠેંગી ઔર ફીર,
બદીકા દઔરાભી ખત્મ હોગા.
હીસાબ દેકર જહાંકા ઉસવકત,
હોગા નેકીકા ફરજ પુરા.
ન ઇલ્મ હોગા ન હોગી દઔલત,
ન હોગા બુગજો હસદકા નકશા.
એહ હોંગી નાબુદ તાકતેં સબ,
રહેગા નામે ખુદા રહેગા.

તમામ શુદ.

બનામે ખુદા.

મતલબી-દુનીયા.

નાટકના ગાયનો.

સહેલીયાં— ૧

બરનન કીસ મુખસે ગાએં તેરા હમ દાતા પ્યારે ?
અદના બશર, જબાં કમતર,
ફીરભી શાકીર હય હમ તેરી બખ્શીશોંકે,
બીનતી હમારી સુન મેહેરબાં,
ચરન શરન હમ તેરે આયે,..............બરનન.
જાત બાબરકાત તેરી અય ખુદાએ દો જહાં,
અદના અદના ચીજમે કીસ ખુબીઓંસે હય અયાં,
હસએ ખ્વાહીશ દે રહા હય હમકો એ મીન્નત કરીમ,
કુછ નહીં રખતા વોહ નાઝ અપને બન્દોંસે નેહાં.
હાજીર હય હર જાપર, હાફીજ હય હર શએકા,
માલીક હય હર દીલકા, નાજીર હય વોહ સબકા.

આરીફ— ૨

નુરાની લાસાની તેરી શાન દેખી અય જાં બાની,
તુ હય કુદરતવાલા, જલવા તેરા બાકી, સબ હય ફાની,
રાજીક યજદાન આલમકા, રાહીમ રહેમાં લા ફાની,
મેરે રંજ ગમ મીટાના અય કરીમ,
બદરંગ જમાના હય યાં મુશ્કીલોંમેં આસાની દો.

ખ્વાસેં—　　　　　　　　૩

સુરત પુરજર શાને અકબર દઔલત હય જહાનમે,
અફ્જલ હય શાન, જરકા સીક્કા દુનીયામે હર જા ફૈલા,
મેહેરો અખતર માહે અનવર રઔશન હય,
ઇસકે દમસે ફલકપર;
રહેમતે ખાલીક ઇસકો કહેના અજહદ હય જેબા.
　ચંચલ હય એહ સરશાર, સોહાના હય સીંધાર,
　ફઔજોંકા ચશ્મા ઇસકે દમસે હોતા હય રવાં.
ચલન ઈસકા બાબજા, અમલ ઇસકા બા રૂબા,
હુકુમરાનીકી એહ મહારાની નુરે આસમાનીકેસાથ;
રહેતી હરદમ શાદાં.

નુરન—　　　　　　　　૪

　બજમે ઉશ્શાક હુએ કયા જાને કીધર દેખેંગે ?
　દીલ તો દેતા હય ગવાહી કે ઇધર દેખેંગે ?
　મુજમે ઔર શમઆમે હોતીથી એહ બાતેં સરે બજમ,
　આજકી રાત બચેંગે તો સહર દેખેંગે;
　દમ નીકલતા હુએ જરા ઠહેરકે જાના સાહબ,
　આખરી વકત તુમેહ એક નજર દેખેંગે.

ઉસતાદ—　　　　　　　　૫

　અજબ બજમે તરબ હુએ ઇસ જગે જરદાર બયઠેં હંય,
　ઇધર સરકાર બયઠેં હંય ઉધર સરકાર બયઠેં હંય.

નુરન—ખુદા રખ્ખે સલામત હુશ્રતક ઇન કદ્રદાનોંકો.

ઉસતાદ—જો યાંહ મુંહ ખોલકર થએલીકા યેહ દીલદાર બયઠે હંય.

નુરન—જોબન બઔરી હય મોરા, મુઈ ચોલી મસકી જાએ,
　નાજુક પતલી મોરી કમરીયા પલપલમે બલ ખાએ.
　આંખેં હંય મોરી લીંબવાકી ફાંકે, જીનપર દીલ લલચાએ,
　હરદમ છતીયન મોહે લગાએ મોલા કોઇ નહીં અયસા જવાન,
　બીન સાંવરીયા, બારી ઉમરીયા, યુંહીં મોરી હુએ બીતી જાએ.

ખ્વાસે— ૬

બજમકો હો મસ્તં બના, આસીરી પીલાદે મદવા.
રંગી જામ ચલે પ્યારા, મજલીસ સોહાએ,
રંગ જમે મેહેમાનોંકા.

મેહેમાની લાસાની હય સાકી શાહાની,
દાઅવત હય નુરાની પુર બહાર,
ખુશીને સાલગીરેહકી હય યહે સંવારે દીન,
ખુદાકે ફજલસે ચમકે હુંય અબ હમારે દીન,
એહી દોઆ હય કનીજોંકી રોજો શબ નાઝાં,
હજાર સાલ તરક્કીપે હોં તુમ્હારે દીન.

આરીફ— ૭

બેઆબકી જમાનેમેં કુછ આબરૂ નહી.
હય વોહ રજીલ જીસમે અસાલતકી ખુ નહી.
પાનીસે સબ્જા હરા હય રહેતા,
ખીલે હય ગુન્ચા ઔર ગુલજાર.
બાદલસે પાની જબ હય બરસતા,
ખેતોંકો કરતા હય સરશાર.
બેઆબ હુવા ગર કોઇ બશર,
કરતે હુંય સભી નફરતકી નજર.
બાઆબ અગર હો એહેલે હુનર,
રખતા હય હરેક ઉલફતકી નજર.
ઠહેરા પાનીપે હય યહે જહાન, સબકી હય જાન,
પાનીકા હર કતરા.

સીરાજ— ૮

જહાન હય મેસખાના તુંભી ઠગ બનો,
હો જાહીલ શાહાના અમીરાના જોડા,

નઓકર ચાકર ગાડી ઘોડા,
તબ કહીં તનકર તુમ મજલીસમે આલા રૂતબા હાસીલ કરો,
જાનતા હું મય ઉસકી દુનીયા, જીસમે સબ હો મક્કાર્ન,
ચકમા દેકે, પાંસા ફેંકે, ઝાંસા દેવે, જાલ ડાલે,
વોહી ગુરૂ હુએ જહાનકા.—

સબ—હઈ હઈ સચ આપ કહેતે હંય બજા,
મેહેરબાને મન હુએ યહે દુનીયાકી વજા,
કીસ કામકા હુએ મજહબો ઇમાં ?
બેઇમાનીસે હુએ દીલકા મુદદઆ.

નુરન— ૯

હોરી ખેલું ના મય દઇયારે દેતી હું રામ દુહાઇ,
ઉંગલી પકડ મોરી બઇયાં મરોરી છોડત નાહીં કનઇયા,
એક હાત છતીયનપર ડારા હમરી કઓન સુનઇયા ?
સબ સખીયન બ્રીજનાર નીરખતી તુમ હો છએલ છલઇયા,
રાગ ફાગ હમ તુમસે ન ખેલેં તુમ ચાતુર ચતરઇયા.—હોરી૦

નુરન— ૧૦

દેખા એહ આજ મયને જમાના બદલ ગયા,
આંખેં બદલ ગઇ હંય ફંસાના બદલ ગયા,
ફીતરતકે હર અસરમે હુવા કયું યહે ઇનકેલાબ ?
પાની ફલકપે, ખેતમે દાના બદલ ગયા.
મુજકો હય એહ તાઅજ્જુબ એહ ઇનકેલાબ કયસા ?
દુનીયામે આ ગયા હય દઓરે અજાબ કયસા ?
હર શએકી ખાસીયત કયું તબદીલ હો રહી હય ?
હર શખ્સ હો રહા હય યું બેહીજાબ કયસા ?

ઉસતાદ–ગુલશનમે બુલબુલોંકા તરાના બદલ ગયા,
વોહ ચૌકીયાં બદલ ગઇ, થાના બદલ ગયા,
બદલા જો બેટા બાપસે ઉસકે અસરસે આજ,
મહેફીલમેં મેરે સાજસે ગાના બદલ ગયા.
કયું હય તુઝે તાઅજ્જુબ ? મતલબકા હય તમાશા,
મતલબહી કર રહા હય એહ ઇનકેલાબ અયસા.

દઔલત— ૧૧

દીનમે એહ દુનીયા લુટી જાએ ?
દેખકર જીયરા હુએ કલપાએ.
હીરન લગા શેરકો દબાને, રીંછ ખુશી જતલાએ,
ઉલટ ફેર એહ દેખ જંગલકે દરીન્દે હંય ઘબરાએ.
ચીડીયા બાજકો લગી ડરાને, મએના હંસકર ગાએ,
દીનમે અંધેરા દેખ પરીન્દે કયું ન ભલા ચીલ્લાએં ?
અજબ તમાશા દેખકે ઉલટા અકલ મેરી બઔરાએ,
ભેદ ખુદાકા ખુદાહી જાને, ઇનસાં કયા બતલાએ ?

અંજુમ— ૧૨

નએ રંગીએ દુનીયાકે અજબ રંગ ખીલેં હંય;
હંય ખાક બસર આજ જો નેઅમતમેં પલેં હંય.
કલ ગુલશને દઔલતકે જો શાઅદાબ થે ગુન્ચે !
વોહ ગરમીએ ઇફ્લાસસે ખીલ ખીલકે જલે હંય.
હમસેભી સીવા ગમજદા મોજુદ હંય ઇસ જા,
હય શુક્ર હમ ઇસ હાલમેં ઇનસે તો ભલેં હંય ?

દઔલત— ૧૩

કોઇ કીસીકા નહીં યહાંપે ઝુઠા હુએ એહ પસારા,
ઠાટ પડા રહે જાયગા જબ લાદ ચલેગા બનજારા.
જબતક તેલ દીયેમે બત્તી તબતક હુએ ઉજીયારા,
તેલ જલા બુજ ગઇ બત્તી તબ મંદર હુએ અંધીયારા.
રક્ત બીન્દુ જબતક દેહમે હુએ ચલે સાંસ ફ્વારા,
ખત્મ હુવા જબ રક્ત બીન્દુ તો પ્રાન દેહસે ન્યારા.

દઔલત— ૧૪

હુવસી માયામેં ક્યું લીપટાએરે ?
દમકા ભરવંસાહી નાહીં,
ઝુઠે જંજાલોમે જાન ક્યું ફંસાએરે !
નદીયા હય ગહેરી નાવ હય તેરી પુરાનીરે,
પહોંચે ક્યુંકર કીનારે બતલા પ્યારે ?
કબતક એહ ગફલત ! ચન્દરોજા જીન્દગાનીરે,
જમકા ફેરા હો તો હો એહ કહાનીરે—

નુરન— ૧૫

ગઇ મેરી જાનરે ! ઘુંગરૂ છુડાદે અય સુબહાન !
નાચ નાચકર મય થક ગઇ, પીશવાજસે મય દબ ગઇ,
તાતા થઇયા કરતે મર ગઇ, મુઝે દે અમાનરે !
નીગોડા એહ તબલા ફુટે, સારંગીકી તારેં ટુટે,
મનજીરેકી ટન ટનસે એહ ફુટે મેરે કાનરે !
ઉસતાદોંકી નાહક ઝીડકી, નાયકાકી ઉસપર ધુરકી,
જલજાએ ઠુમરીકી મુરકી, છુડા મેરી તાનરે !

નુરન- ૧૬

ગઓર કીજે અય મીયા મહેશર બપા હોનેકો હુએ,
દો દીલોંકા રાજ ઇસજા બરમલા હોનેકો હુએ,
મેરી ચોટી આપકે સરકી નહી અબ ખએરીયત,
કુંસગએ બેઢબ ખુદા માલુમ કયા હોનેકો હુએ ?
બતલાદો કોઈ રસતા અય સાહેબ ચાલસે,
સીખલાવો કોઇ ફીકરા ચલતાસા તુમ મુઝે.

સીરાજ–રૂહ મેરી મેરે કાલીબસે હવા હોનેકો હુએ,
કયા કહું મય અપની હાલત કયાસે કયા હોનેકો હુએ ?
હુએ ગુનાહ મેરી બગલમે મય હું જજકે સામને,
થ્રી ઇયર્સ રીગરસ ઇમપ્રીઝન મેન્ટ હોનેકો હુએ.
સુઝે નહી કોઇ રસતા સસતાસા અબ મુઝે,
ખુદ હું મય હકકા બકકા, દર બન્દ હય અકલકે.

ખ્વાસેં- ૧૭

તારે સારે આસમાની એહ નુરસે ચમક રહે બજમમે.
જલવા રઓશન હય દીલરૂબા પરીયાંભી હંય શર્મમે.
શાન પાઇ હય યાંહપે ફર્શને હય અર્શકી.
બહાર આઇ હય ઇસજા અબ નએ અન્દાજકી.
અજબ પુર બહાર અબીરો રંગ યાંહ ઉડા હય.
ફજલે કીરદેગાર આજ સોહાના સમા હય.
રંજ ન હોવે, બાઅયશ ઉમર ગુજરે,
રહે ફએજ ઇનકા જારી, સઉ સાલ જલસા રહેવે,
મહેફીલકા બાનીઓ સુબાની ફુલે ફલે જાહો હશમમે.

ફિરદોસ મ્યુઝીક

કલાસ.

નાં. ૩૩ ફ્રીયર રોડ કોટ,—મુંબઇ.

માલેક—રૂસ્તમજી બરજોરજી છાપગર.

આજકાલ લોકોમાં સંગીતનો શોખ દીવસે દીવસે વધતોજ જાયછે અને તેજ પ્રમાણે જુદી જુદી જાણીતી કુંપનીઓના નવા નવા નાટકો પણ નીકળતાજ જાયછે હવે આ કલાસની મુખ્ય નેમ એ છે કે બીજા કલાસોમાં જેમ હજુર બાવા આદમના વખતમાં ગાયનો જે લોકોમાંથી એકદમ ગવાતાં નીકલી ગયાં છે તેજ અસલી ધોરણપર શીખવવામાં આવે છે તેમ અહીયા શીખવવામાં આવતું નથી પણ આજના જમાનાને અનુસરતા નવા લોકપ્રીય ખેલમાંથીજ એકકે અવાજે વખણાએલા ગાયનો ગમે તેવાં શરૂઆતના શીખનારને પણ શીખવવામાં આવે છે અને તેથીજ આ કલાસમાં મેહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો મોટી સંખ્યામાં આવે છે. આ મ્યુઝીક કલાસમાં કોઇપણ આબરૂદાર બાનુ યા ગ્રહસ્થોને શીખવા આવવાની છુટ છે તેઓને દરેકને જુદું જુદું પુરતી કાળજીથી એકેક કલાક શીખવવામાં આવે છે. આ કઇ જુદો અલાહેદો કલાસ નથી કે જેથી કોઇ પણ બાનુ યા ગ્રહસ્થને શીખવા આવવાની આંચકી લાગે પણ હમો હમારા પોતાના ફેમીલી સાથના રહેવાન મકાનમાંજ શીખવ્યે છીએ. જે લોકો આજ સુધી શીખી ગયા છે તેએ દરેકે પોતાનો પુરતો સંતોષ જાહેર કરયો છે, તેઓ પોતે કહે છે કે કોઇપણ મ્યુઝીક કલાસમાં આ રીતે ચાલુ કલાક સુધી ગાઇને કદી પણ શીખવવામાં આવતું નથી ને તેથીજ આ કલાસ બાનુ અને ગ્રહસ્થોથી ભરચકકર રહે છે. મલવાનો વખત સવારના દશ સુધી અને સાંજના ૬ પછી કોઇપણ વખતે.

રૂસ્તમજી બરજોરજી છાપગર.

મ્યુઝીક ટીચર તથા ફિરદોસ અને કૉરોનેશન

મ્યુઝીક ગાઇડના કર્તા.

મસાલો બનાવવાનું કારખાનું.

સરવે લોકોને જાહેર કરવામાં આવે છે કે કેટલાંક ફરમાસથી હમોએ નલબજાર નવા રસ્તાપર દેવલની સામે ચોખ્ખા તાજા દરેલો મસાલાનું કારખાનું ઉઘાડયું છે જ્યાં દરેક જાતનો તાજો દળેલો મસાલો ઘરના જેવી સફાઇ સુઘડાઇથી ચુંટાવી વીણાવી સાફ કરીને દળાવીએ છીએ. જેવું કે ખુશબોદાર ધાણા-જીરૂં. રાજાપુરી દળેલી હળદ, ચોખ્ખી,-મદરાસી તીખા મરચાંની ભુકી, અથાર માટે જલદ રાઇ, મરી (જાત કાળી) દળેલાં, મદરાસી કરી પાઉડર, ખુશબોદાર (ગરમ મસાલો) દળેલો તે ઉપરાંત તરેહવાર જાત જાતના દળેલા મસાલાઓ, શુદ્ધ શેરડીનો સરકો, જાત જાતનાં ફરમાસુ અચારો, જેવાં કે ચટચટનાં, આદુના, ગોળ કેરીના, રાઇ કેરીનાં, મેથીઆં કેરીનાં પાણીનાં ચટણી, સાસ, વગેરે. (જથાબંધ તથા છુટક મલસે) તરેહવાર જાતનો સુકો મેવો, ઘી, છુટક તથા જથાબંધ, ખાંડ, સુખડ, લોબાન, મીઠું તેલ, કોપરેલ વગેરે, તરેહવાર જાત જાતની સુકી ચાહ, મોખા તથા ફરેંચ કાફી, ડબામાં તથા છુટક મલશે.

મહેરબાન ઘરાકોએ એકવાર હમારી દુકાનની મુલાકાત જરૂર લેવી જેથી બજાર કરતાં મોટો ફાયદો થશે.

વેપારીઓને જથાબંધ માલ આપવામાં આવશે.

રૂસ્તમજી માણેકજી મસાલાવાલા.

૬૦ નલબજાર, ગોલ દેવલની સામે, સેન્ડહર્સ્ટ રોડ-મુંબઇ